# અર્વાચીન પાષાણયુગ

ડો.ગીતા ડી.મારુ
અધ્યાપક સહાયક,
એમ.બી.કોમર્સ & જી.એમ.એન.લાલજી આર્ટ્સ કોલેજ, દહેગામ

# પ્રકરણમાં રજૂઆત

1. અર્વાચીન પાષાણયુગની મુખ્ય વિશેષતાઓ.
2. અર્વાચીન યુગના લક્ષણો.
3. અર્વાચીન યુગમાં વ્યાપાર.
4. અર્વાચીન યુગમાં ધાર્મિક ભાવના.

# અર્વાચીન પાષાણયુગની વિશેષતાઓ.

- મધ્ય પાષાણયુગ પછી ઇ.સ. પૂર્વે 9000 થી ઇ.સ. પૂર્વે 1000 ની આજુબાજુમાં આર્વાચીન પાષાણયુગની શરૂઆત થઇ.
- શિકારીને બદલે ખેડૂત, પશુપાકલ બનીને એક નિશ્ચિત સ્થાન પર રહેવા લાગ્યો, આને કારણે ગામ અને નગરોના વિકાસનોઈ શરૂઆત થઈ.
- તે મેદાનોમાં રહેવા લાગ્યો અને વસ્ત્રો અને આભૂષણો ધારણ કરીને પોતાનું જીવન ગુજારતો હતો.
- ભારતના મહેસૂર પાસે આવેલ બ્રહ્મગિરિ, દક્ષિણ ભારતમાં બેલ્લુરી પ્રદેશ તથા ઉત્તર પરદેશમાં મિર્ઝાપુર જિલ્લા માંથી આ યુગના અનેક ઓજારો અને હાડપિંજરો મળ્યા છે.

# અર્વાચીન યુગના લક્ષણો.

1. અર્વાચીન યુગનું માનવજીવન ( લોકો, અનાજ, ખેતી, વસ્ત્રો, રહેઠાણ, વાસણ ઉધોગ,)
2. અર્વાચીન યુગમાં વ્યાપાર.
3. અર્વાચીન યુગમાં ધાર્મિક ભાવના

# અર્વાચીન યુગનું માનવજીવન

1. લોકો; આ યુગનો માનવી આજના માનવીના લક્ષણો ધરાવતો, તેને અર્વાચીન પ્રજાના પૂર્વજ તરીકે ઓળખવામાં આવે છે. આ યુગનો માનવી ચાલી શકતો અને વાણી દ્વારા પોતાના વિચારો વ્યક્ત કરી શકતો હતો.
2. અનાજ; માણસને બદલે ખેતીની શોધ કરી, અનાજનું ઉત્પાદન શરૂ કર્યું, અનાજ ઉપરાંત ફળફળાદિ, માછલાંઈ અને પ્રાણીઓનું દૂધ તેનો ખોરાક બન્યો હતો, ખેતીની શોધને કારણે તેના જીવનમાં ભારે પલટો આવ્યો.
3. ખેતી; ખેતીક્ષેત્રે આ યુગમાં જે શોધખોળ થઈ તે માનવીની મોટી સિદ્ધિ ગણાય છે, તેણેખેતી કરીને અનાજનું ઉત્પાદન કર્યું, તે ઘઉં, જવ, બાજરી, મકાઇ, શાક તથા ફળોનો ભોજનમાં ઉપયોગ કરવા લાગ્યો. એક માન્યતા એવી છે કે ખેતીકામને આગળ વધારવાનો યશ સ્ત્રીઓને ફાળે જાય છે. અગ્નિની શોધને કારણે તે ભોજનને સ્વાદિષ્ટ બનાવી શક્યો, અનાજને દળવા બે પથ્થરના પડનો ઉપયોગ કરતો થયો.
4. વસ્ત્રો; અત્યાર સુધી ચામડાના વસ્ત્રો તેમજ વૃક્ષની છાલો અને પાંદડાના હાર બનાવીને પોતાના શરીરને ઢાંકતો હવે આ યુગમાં તે પશુઓના વાળના રેસાઓ માંથી કાપડ બનાવવાનું શીખી ગયો હતો. હવે તે સુતર અને રેશમના બનેલા સુંદર કપડાં પહેરતો થયો હતો. કપાસની શોધ થઈ હતી કે કેમ તે જાની શકાયું નથી.
5. રહેઠાણ; વૃક્ષો અને ગુફાઓની બખોલમાં રહેવાનુ છોડીને આ માનવી હવે લાકડા, પથ્થર અને માટીના મકાનો બનાવીને તેમાં રહેતા શીખી ગયો હતો.તે જંગલી પશુ-પ્રાણીથી બચવા તળાવ કે સરોવરની વચ્ચે પણ ઝૂપડા બાંધીને રહેતો હતો.
6. વાસણ ઉધોગ; કુંભારના ચાકથી સુંદર અને અને ઘાટીલા વાસણો બનાવવામાં આવ્યા, જુદા જુદા રંગોનું ચિત્રકામ કરવામાં આવતું હતું. પાછળથી આ યુગમાં સુથાર, કુંભાર વગેરે કારીગરો જેવી જુદી જુદી શ્રેણીઓ અસ્તિત્વમાં આવી.

# અર્વાચીન યુગમાં વ્યાપાર.

- નુતન પાષાણયુગમાં વ્યાપરા ક્ષેત્રે પણ પ્રગતિ થઈ હતી.
- ગામમાં રહેતા લોકો પોતાની ચીજવસ્તુઓનો બીજા સાથે પરસ્પર વિનિમય કરતાં થયા હતા.
- લુહાર કે સુથાર જે વસ્તુ બનાવટો તે ખેડૂતને આપતો અને તેના બદલામાં તેની પાસેથી અનાજ મેળવતો હતો.
- સિક્કાની આપ-લે કર્યા વગર પણ વસ્તુ વિનિમયપ્રથા ચાલતી હતી.
- હવે જુદા જુદા ગામો પણ એકબીજા સાથે વેપાર કરતાં થયા હતા.

# અર્વાચીન યુગમાં ધાર્મિક ભાવના.

- તેઓ મૂર્તિઓની પૂજા કરતાં હતા.
- આ યુગનો માનવી સ્ત્રીરૂપમાં માતૃદેવીની મૂર્તિઓ બનાવટો અને તેની ઉપાસના કરતો હતો.
- દેવી-દેવતાને ખુશ રાખવા બલિદાન આપવાની પ્રથા તથા જાદુગરોના અને મંત્ર તંત્રના પ્રયોગોની શરૂઆત પણ આ યુગમાં થઈ ચૂકી હતી.
- નુતનપાષાણ યુગનો માનવી શબોને દફનાવતો હતો.
- કેટલેક ઠેકાણે બાળવાની પ્રથા પણ પ્રચલિત હતી.
- મરુત શરીરની રાખને માટીના લોટામાં મૂકીને દાટી દેવામાં આવતી.

# સમાપન

આ રીતે આ યુગનો માનવી સંસ્કૃતિ અને સભ્યતાને ક્ષેત્રે ખુબજ આગળ નીકળી ગયો હતોહયોહતો. . ભાષાનો વિકાસ પણ આ યુગમાંજ